# કળશ

જીણંદા પ્યારા, મુણીંદા પ્યારા,

જીણંદા પ્યારા, મુણીંદા પ્યારા, મુણીંદા પ્યારા

દેખોરી જીણંદા ભગવાન, દેખોરી જીણંદા પ્યારા (૨)

આજે મેં તો ગાયા, મહાવીર જિનરાયા, મહાવીર જિનરાયા

ચોવીશમાં અરિહંત, વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

ત્રિશલાનંદન, ભવદુઃખભંજન, સિદ્ધ બુદ્ધ ભગવંત,

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

તપગચ્છ દીવો સિંહસુરીશ્વર, સત્યવિજય ગણિરાજ,

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

મણિ બુદ્ધિ વૃદ્ધિ મુનીરાયા, સંવેગી શિરતાજ

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

તેહની પાટે વીરશાશનમાં, સૂરિજી જગત પ્રસિદ્ધ

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

ષડદર્શનમાં  જ્ઞાની અનુપમ, બોધ્યા નૃપ બહુવિધ

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

સિંહ સમ શૂરા તીર્થોધ્ધારક, સુરિસમ્રાટ કહાય

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

બાલ બ્રહ્મચારી પ્રખર પ્રતાપી, વિજય નેમીસૂરિરાય

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

વિજય વિજ્ઞાન સુરિ તસ પટધર, ગુણગુણનાં ભંડાર

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

સંયમદાતા છે સુરીરાયા, મુજ આતમના ઉદ્ધાર

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

તેહના પટધર શાસ્ત્ર પ્રવીણ છે, કસ્તૂરસૂરિ ગુરુરાજ

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

મન વચ કાયે પાવન કારક, વ્રતદાતા સૂરિરાજ

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

બોટાદ નગરે રમ્ય મનોહર, ત્રણ ચૈત્યો સોહાય

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

વિક્રમ દોય સહસ ને છમાં, ચોમાસુ ત્યાં થાય

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

શિષ્ય શુભંકરવિજય આગ્રહથી, પૂજા રચી શ્રીકાર

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

ભગવતી સૂત્રના યોગને કરતો, ગુરુ નિશ્રા સુખકાર

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

યશોભદ્ર વિજયે જીન ગાયા, સંઘ સકલ હરખાય

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા

મહાવીર પંચકલ્યાણક પૂજતાં, ઘર ઘર મંગળ થાય

વીર જિનેશ્વર ગાયા, જિનેશ્વર ગાયા